આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે જયેશભાઈ દવે બ્લોક નં. ૫૫/૮, ચ-ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬, ગાંધીનગર દ્વારા શ્રાવણમાસ નિમિત્તે શિવ આરાધના આજે રાત્રે ૯.૦૦ વાગે હર્ષિલભાઈ ભટ્ટ બ્લોક નં. ૧૨૨/૨, કિસાનનગર ખાતે યોજવામાં આવશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા શિવમહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આજે રાત્રે તપનભાઈ ત્રિવેદી પ્લોટ નં. ૧૧૪/૫, છ-ટાઈપ, ગાંધીનગર ખાતે યોજાશે.
- શ્રી શિવ-શક્તિ શિવમહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા શિવમહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે મહેશભાઈ વ્યાસ ૧૫/૩ પંચવટી પાર્ક સામે યોજવામાં આવશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં લીલા મેવા ફુટના હિંડોળા ઝુલાવવામાં આવશે.

કલોલ શહેરમાંથી કોલેરાનો કેસ મળ્યો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાંથી કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવતાં જિલ્લાનું આરોગ્યતંત્ર હચમચી ઉઠયું છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી કોલેરાના છુટા છવાયા કેસો નોંધાતા રહ્યા છે પરંતુ તંત્ર દ્વારા માત્ર સમયસરની સારવાર મળી હોવાનો સંતોષ જ લઈ રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ શહેરના હાઉસીંગ બોર્ડ વિસ્તારમાંથી આ દર્દી મળી આવ્યો છે અને તે સારવાર માટે અમદાવાદ સોલા હોસ્પિલમાં દાખલ છે. હાલ તે દર્દીની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાં રહેતો આ દર્દી એક ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન કરતો હોવાનું જાણવા મળેલ છે. તંત્ર એ આજે આ દર્દીના રહેઠાણ વિસ્તાર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જો કે કોઈ નવો કેસ નહિ મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ગઈ કાલે થયેલ ભારે વરસાદમાં સૌથી ભારે વરસાદ કલોલમાં નોંધાયો છે. હજુ પણ અમદાવાદ કલોલ-મહેસાણા હાઈવે પર પાણી જઈ રહ્યુ છે. ગઈ કાલે કલોલ તાલુકાના ત્રણ ગામો અને શહેરમાં પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ પણ બની હતી. આ વખતે કલોલમાં પાણી જન્ય રોગચાળો વકરે તે પૂર્વે તંત્ર અસરકારક કામગીરી કરે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

શ્રાવણ માસ 'મા દશામા'નાં વ્રતનો અનોખો મહિમા છે. ભકતજનો શ્રધ્ધાપૂર્વક 'દશામા'નું સ્થાપન કરે છે. પરિવારની સુખ, શાંતિ, સમૃધ્ધિની પ્રાર્થના અર્ચના કરે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

બીજી ઓગષ્ટને આરોગ્યતંત્ર દિકરી દિવસ તરીકે ઉજવણી કરશે

ગાંધીનગર નર્સિંગ કોલેજના હોલમાં સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

આગામી બીજી ઓગષ્ટની ઉજવણી દિકરી દિવસ તરીકે કરવાનો રાજ્યના આરોગ્ય વિભાગે નિર્ણય કર્યો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ દિવસની ઉજવણી નર્સિંગ કોલેજના હોલમાં કરવામાં આવનાર છે.

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ૧લી ઓગષ્ટ થી ૧૫ ઓગષ્ટના પખવાડિયાની ઉજવણી મહિલા સશક્તિકરણ પખવાડિયા તરીકે કરવાના લેવાયેલા નિર્ણયના ભાગરૂપે આખા પખવાડિયા સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમોના આયોજનની રૂપરેખા તૈયાર કરવા આજે વિશેષ માર્ગદર્શન આપતી વિડીયો કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી.

આજથી જ આ ઉજવણીની તૈયારીમાં તંત્ર પરોવાયુ છે અને એકાદ દિવસમાં જ બધા કાર્યક્રમો આખરી કરી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા તંત્ર દ્વારા દિકરી દિવસની ઉજવણી નર્સીંગ કોલેજ સે. ૧૨ ના હોલમાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજયમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ બન્યા છે અને તેમનું પ્રથમ બજેટ પણ જેન્ડર બજેટ રજુ થયું હતું. તો હવે બજેટ મંજૂર થયા બાદ નવા માસનું પ્રથમ પખવાડિયુ પણ મહિલા સશક્તિકરણ માટે ઉજવવાનું નક્કી થયું છે.

સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૫મી ઓગષ્ટની ઉજવણીમાં પણ કન્યા કેળવણી અને મહિલા સશક્તિકરણ તેમજ મહિલા ઉત્થાન માટેના પગલાંઓ પર જ ભાર મુકવામાં આવનાર છે.

કર્મચારી ધિરાણ અને ગ્રાહક મંડળમાં સભ્યો ચૂંટાયા

તાજેતરમાં ગુજરાત પ્રવાસન નિગમ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળની વર્ષ-૨૦૧૪-૧૫ માટે વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણીમાં પાંચ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં સતીષભાઈ આર. સોલંકી, અશોકભાઈ એમ. પરમાર અને અતુલભાઈ કે. મહેતાને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

માણસા ગિરનારી મંડળ હરિદ્વારમાં શિવ પુરાણ કથા યોજશે

દેવાધિદેવ મહાદવજીના પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે માણસાના ગિરનારી મિત્ર મંડળ દ્વારા હરિદ્વાર ખાતે તા. ૪ ઓગષ્ટથી તા. ૧૦ ઓગષ્ટ દરમિયાન શિવ મહાપુરાણ યોજવામાં આવશે. યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાનાર કથામાં માણસા અને આજુબાજુના ૫૦૦ યુવાનો રેલવે દ્વારા તા. ૨ ઓગષ્ટ શનિવારના રોજ હરિદ્વાર જવા રવાના થશે.

ભાજપ ડૉક્ટર સેલ અને મનપા દ્વારા મફત સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર સ્થાપના દિવસની સુવર્ણજયંતિની ઉજવણી પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકા અને ભાજપ ડૉક્ટર સેલ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવશે. તા. ૨ ઓગષ્ટ, શનિવાર, સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન કોળી સમાજભવન ખાતે યોજાશે. કેમ્પમાં ફિઝિશીયન, સ્ત્રીરોગ નિષ્ણાત, હાડકાના રોગના નિષ્ણાત, ચામડીના રોગના નિષ્ણાત, આંખરોગના નિષ્ણાંત, દાંત રોગ નિષ્ણાંત, કાન, નાક, ગળાના નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત અને કિડની રોગના નિષ્ણાંત ડૉક્ટરો ઉપસ્થિત રહેશે. તદ્ઉપરાંત ડાયાબિટીશ, બ્લડપ્રેશરને લગતા રોગોનું નિદાન કરવામાં આવશે.

વાગ્મિન એચ. બૂચની ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલમાં સભ્ય તરીકે નિમણૂંક

ગુજરાત સરકાર દ્વારા શ્રી વાગ્મિન બૂચની નિમણૂંક ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલના સભ્યશ્રી તરીકે તાજેતરમાં કરવામાં આવી છે. શ્રી વાગ્મિન એચ. બૂચની ખૂબ લાંબા સમયની ઉચ્ચ ગુણવત્તાની સરકારની સેવાને ધ્યાને લઈને આ નિમણૂંક કરવામાં આવી છે જેનો સમગ્ર કર્મચારીગણ અને સરકારશ્રીને લાભ મળી શકશે. તેઓશ્રી ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ રીન્યુએબલ એનર્જીના છેલ્લા ત્રણ વર્ષથી નિમંત્રિત સભ્ય પણ છે.

ઘંટનાદ રેલી-સરઘસ માટે નાગરિકો સેક્ટરોમાં એકત્ર થઈને ઘ-૪ પહોંચશે : આતશબાજી યોજાશે

ગાંધીનગરના ૫૦ મા જન્મદિવસને ધામધૂમથી - ભાવપૂર્વક ઉજવવા તા. ૧ લી ઓગસ્ટે મધરાત્રે ૧૧.૪૫ વાગ્યે સેક્ટરોમાં ઘંટનાદ સાથે મોટર સાયકલ-સ્કૂટર સરઘસ રિંગ રોડ પર ફરશે અને તમામ સેક્ટરોમાંથી આવેલા ઘંટનાદ સરઘસ રાત્રે ૧૨.૩૦ કલાકે ઘ-૪ ના સર્કલ પાસે એકત્ર થશે, જ્યાં ભવ્ય આતશબાજી યોજાશે.

તારીખ ૧ લી ઓગસ્ટે મધરાતે સેક્ટરોમાં નિશ્ચિત સ્થાનોએ લોકો ઘંટનાદ માટે એકત્ર થશે. રેલીમાં જોડાવા ઈચ્છતા નાગરિકોને પોતાના વાહનો સાથે જે તે સેક્ટરોમાં નીચે દર્શાવેલા સ્થળોએ એકત્ર થવા અપીલ કરવામાં આવી છે. કયા સક્ટરોમાં કયા સ્થળે લોકો રાત્રે ૧૧.૪૫ વાગ્યે એકત્ર થઈને રેલી સ્વરૂપે નિકળશે તેની વિગતો આ પ્રમાણે છે.

સેક્ટર	સ્થળ
સેક્ટર-૧	ગાયત્રી મંદિર
સેક્ટર-૨	મેઈન શોપીંગ સેન્ટર
સેક્ટર-૩	રામેશ્વર મંદિર
સેક્ટર-૩એન્યુ	શોપીંગ સેન્ટર
સેક્ટર-૪	ઓમકારેશ્વર મહાદેવ મંદિર
સેક્ટર-૫	શિવશક્તિ મંદિર
સેક્ટર-૬	ચંદ્રમૌલેશ્વરમહાદેવમંદિર પાસે
સેક્ટર-૭	મેઈન શોપીંગ સેન્ટર
સેક્ટર-૮	ત્ર્યંબકેશ્વરમહાદેવ મંદિર પાસે
સેક્ટર-૧૨	ચીપટાઈપ શોપીંગ સેન્ટર પાસે
સેક્ટર-૧૩	લીંબચમાતાના મંદિર પાસે
સેક્ટર-૧૪-૧૫	અંબાજી માતાના મંદિર પાસે
સેક્ટર-૧૬	મેઈન શોપીંગ સેન્ટર
સેક્ટર-૧૭	મેઈન શોપીંગ સેન્ટર
સેક્ટર-૧૯	મેઈન શોપીંગ સેન્ટર
સેક્ટર-૨૦	નવરાત્રી ચોક
સેક્ટર-૨૧	અપનાબજાર, નવરાત્રી ચોક
સેક્ટર-૨૨	પંચદેવ મંદિર પાસે
સેક્ટર-૨૩	મેઈન શોપીંગ સેન્ટર પાસે
સેક્ટર-૨૪	ચંદ્ર ફોટો સ્ટુડિયો પાસે
સેક્ટર-૨૫	સહકારકોલોની, નવરાત્રી ચોક
સેક્ટર-૨૬	ગ્રીન સિટી પાસે
સેક્ટર-૨૭	શિવશક્તિ મંદિર પાસે
સેક્ટર-૨૮	દત્ત મંદિર પાસે, શોપીંગ સેન્ટર
સેક્ટર-૨૯	જયશ્રી કૃષ્ણ ચોક, ઘ-૬ પાસે
સેક્ટર-૩૦	મેઈન શોપીંગ સેન્ટર પાસે

સે-૧ના નવનિર્મિત તળાવનું પણ પૂજન અને આરતી થશે

ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિવસની ઉજવણીને શાનદાર અને પારિવારિક બનાવવા નગરજનોને મોડી રાતે ઘંટનાદ કરવા ઉપરાંત ઘરે ઘરે દિવડાઓથી શેરીને પ્રગટાવવા અપીલ કરવામાં આવી છે.

હાઈટેક બનતા ગાંધીનગરમાં અનેક નવા નજરાણાઓ પણ ઉમેરાયા છે. નવ વિકસિત વિસ્તારમાં પીકનીક સ્પોટ તરીકે ઉભરતું સે-૧નું તળાવ પણ હાલ આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. નગરના જન્મદિવસની ઉજવણી નિમિત્તે તા. ૧ ઓગષ્ટના રોજ સાંજે ૬.૩૦ કલાકે તળાવ પાસે આરતી અને પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ પ્રસંગે નાગરિકોને જોડાવવા પણ અપીલ કરવામાં આવી છે.

હાલીસા ગામમાં ખેડૂતના ઘરમાં તસકરોનો મોટો હાથફેરો : ૧૦ લાખની મતા સાફ

મકાન માલિક પરિવાર સાથે ઓરડીમાં સૂતા હતા ત્યારે બારીના સળિયા નીકાળીને તસકરો મકાનમાં ઘુસ્યા : ૨૫ તોલા સોનાના દાગીના અને પાક વેચ્યાના તથા દૂધના આવેલા રૂ. ૨.૩૫ લાખ રોકડા મળીને ૧૦ લાખની મતાની ઘરફોડ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં સ્થિત હાલીસા ગામમાં એક ખેડૂતના મકાનને તસ્કરોએ હાથફેરો કરીને સાફ કરી નાંખ્યું હતું. રાત્રી દરમિયાન ખેડૂત પરિવારજનો સાથે પોતાના મકાનની ઓરડીમાં સુઈ ગયા હતા તે દરમિયાન મકાનના બાથરૂમ પાસેની બારીના સળિયા નીકાળીને અંદર ઘુસેલા તસ્કરો મકાનની તિજોરીઓ ખાલી કરી ગયા હતા. ૨૫ તોલા સોનાના દાગીના તથા રોકડ મળીને રૂ.૧૦ લાખ થી વધુ મત્તાનો માલ ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ઘરફોડ ચોરી અંગે મકાન માલિકને જાણ થતા દહેગામ પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધીને ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ ઘરફોડિયા સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

દહેગામના હાલીસા ગામમાં રહેતા અને ખેતીનો વ્યવસાય કરતા વસંતભાઈ ચેલાભાઈ પટેલ ગઈ કાલે પરિવાર સાથે પોતાના ઘરના મુખ્ય દરવાજાને બંધ કરીને ઓરડીમાં સુઈ

ગયા હતા. તેમના ઘરમાં ખેતીના વેચાયેલા પાકના રોકડા રૂ.૨ લાખ તથા દુધના વધારાના આવેલા રૂ.૩૫ હજાર રોકડા તથા ૨૫ તોલા જેટલા સોનાના દાગીના પડ્યા હતા. ત્રણ સોનાના ડોકિયા, એક જોડી બંગડી, ચાર ચેઈન, બે નંગ વીટી, ત્રણ જોડી બુટ્ટી, ત્રણ પેન્ડલ, બે ચુની, ત્રણ સોનાના બિસ્કીટ, સહિતના આશરે ૨૫ તોલાથી પણ વધુ વજનના દાગીના તથા એક લેપટોપ અને બે મોબાઈલ ઉપરાંત ૨.૩૫ લાખ રોકડા મળીને તસ્કરો ઘરમાં બાથરૂમ પાસેની બારીના સળિયામાંથી ઘૂસીને કુલ રૂ.૧૦,૦૪,૫૦૦ ની મત્તાની ઉઠાંતરી કરી તસ્કરો મોટો હાથફેરો કરી પલાયન થઈ ગયાની ચકચારી ઘટના બનવા પામી છે. ઘરફોડની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાહિત દહેગામ પોલીસનો કાફલો ઘટના સ્થળે આવી પહોચ્યો હતો અને વસંતભાઈ પટેલની ફરિયાદ લઈ ગુનો દાખલ કરીને એફએસએલ તથા ડોગ સ્કવોડની મદદ લઈ પોલીસે વૈજ્ઞાનિક ધાબે આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ઓરણ બજરંગદાસ બાપાના આશ્રમે આજે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે

તાલુકાના ઓરણ ગામે સાબરમતીનેકિનારેઆવેલ બજરંગદાસ બાપા આશ્રમ ડેમરાના ડેરા ખાતે આજરોજ શુક્રવારે રાત્રે ૮.૩૦ વાગે ભગવાન શિવના ગુણલા ગાતો કાર્યક્રમ અને શિવમહિમ્ન સ્ત્રોત, શિવતાંડવ યોજવામાં આવશે. મા-બાપને ભુલશો નહિ ફેઈમ અશ્વિનભાઈ જોષી અને રાજયના પ્રસિદ્ધ શિવકથાકાર કનૈયાલાલજી મહારાજ દ્વારા શિવ ભક્તિ કરવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં આજુબાજુના ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

સેકટર-૭-એમાં રકતદાન કેમ્પનું આયોજન

સેકટર-૭-એ વસાહત મંડળ ગાંધીનગર ૫૦મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૭ વસાહત મહિલા મંડળ 'સ્વયં સિધ્ધા' દ્વારા તા. ૩ ઓગષ્ટ રવિવાર સવારે ૮ થી ૧૧ દરમિયાન પ્લોટ નં. ૩૩૩/૧, સેકટર-૭-એ, નવરાત્રિ ચોક ખાતે રકતદાન કેમ્પ યોજાશે. રકતદાન કેમ્પમાં મોટી સંખ્યામાં ભાઈઓ બહેનોને રકતદાન કરવા પ્રમુખ વંદના પટેલે જણાવ્યું છે.

કોબા પાસેથી કિશોરીનું અપહરણ કરીને ત્રણ સંતાનના બાપે બળાત્કાર ગુજાર્યો

ખંભાત, લીમડી અને દાહોદ લઈ જઈને નરાધમે કિશોરીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક કોબા સર્કલ નજીક ચાલતી બાંધકામ સાઈટ પર મજુરી કામ કરતી ૧૬ વર્ષની કિશોરીને તે વિસ્તારમાંથી ઉઠાવી જઈને અપહરણ કરી લેવાયું હતું. ત્યાર બાદ ખંભાત, લીમડી અને દાહોદ વિસ્તારમાં લઈ જઈને કિશોરીની મરજી વિરુદ્ધ ત્રણ સંતાનોના બાપે શારીરિક સંબંધ બાંધીને બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના -કાશમાં આવી છે. કિશોરીના પિતાની ફરિયાદને આધારે ઈન્ફોસિટી પોલીસે અપહરણ, બળાત્કાર અને પોસ્કો અંતર્ગત ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી લીધી છે.

દાહોદ જીલ્લાના એક ગામની વતની ૧૬ વર્ષની કિશોરી તેના પરિવાર સાથે ગાંધીનગર ખાતે રહેતી હતી અને કોબા પાસેની એક બાંધકામ સાઈટ પર પરિવાર સાથે મજુરી કામ કરતી હતી. દાહોદનો જ એક શખ્સ રમેશ નનું નીનામા ૧૫ જુલાઈના રોજ આ કિશોરીને રાત્રે ત્રણ વાગે કોબાથી ઉઠાવીને અપહરણ કરી ગયો હતો. એક અઠવાડિયામાં ખંભાત, લીમડી અને દાહોદ જિલ્લાના અલગ અલગ સ્થળોએ લઈ જઈને ત્રણ સંતાનોના પિતા રમેશે કિશોરી પણ અનેક વાર મરજી વિરુદ્ધ શરીર સુખ માણીને બળાત્કાર ગુજાર્યો હતો. આ બનાવ અંગે કિશોરીના પિતાએ રમેશ નામના શખ્સ સામે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે અપહરણ, બળાત્કાર અને પોસ્કો (પ્રોટેક્શન ઓફ ધ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ) હેઠળ ગુનો દાખલ કરીને રમેશની ધરપકડ કરી લીધી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૨૧

તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૭૯ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
કીક : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૨.૦૦, ૨.૧૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
કીક : ૧૦.૦૦,
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૩૦
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
કીક : ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૦.૧૫. ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ધાર્મિક કાર્યક્રમ

- શ્રાવણ સુદ પાંચમ, તા. ૧-૮-૨૦૧૪, શુક્રના રોજ ગિરિરાજ ઉપર શ્યામઘટા હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

આપની આજ

મેષ : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરનો યોગ. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. રાજેન્દ્ર જયવંતરાય માર્કન્ડ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૨૪૦/૧, સેક્ટર-૭ડી, ગાંધીનગર.
- સ્વ. મણીભાઈ જેઠાભાઈ પરમાર (ઉ.વ.૭૪) મુ.પો. રાંધેજા, તા.જી. ગાંધીનગર.